બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોને ગુજરાત સરકારના કર્મચારીઓ જેવા લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૧/૭૪૫(૩)/ફ**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૨૩/૦૮/૨૦૧૭

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહવિભાગના તા.૧૯/૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૨/૫૫૪/ફ

(૨) એસ.એલ.પી.(સીવીલ)-૧૭૧૪૩/૨૦૧૧ માં સીવીલ અપીલ નં-૮૮૧૫/૨૦૧૭ માં નામ.સર્વોચ્ચ અદાલતનો તા.૧૦/૭/૨૦૧૭ નો હુકમ.

**આમુખઃ**

રાજયમાં સરહદ સુરક્ષા તથા દરીયાઇ સુરક્ષાને સુદ્રઢ બનાવવાના આશયથી પાલનપુર (બનાસકાંઠા), જામનગર, ભુરજ-કચ્છ અને નલીયા-કચ્છ ખાતે બોર્ડરવીંગ હોમગાર્ડઝની ચાર બટાલીયનો ઉભી કરવામાં આવેલ હતી. બોર્ડરવીંગ હોમગાર્ડઝમાં ફરજ બજાવતા અંશકાલીન જવાનોને અનુક્રમે ચોથા, પાંચમાં અને છઠ્ઠા પગારપંચનો લાભ આપી આ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલના ધોરણે મીનીમમ બેઝીક તથા મોંઘવારી ભથ્થું તથા વોશીંગ એલાઉન્સ ચુકવવામાં આવે છે. બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનો સતત ફરજો ઉપર રોકાયેલ હોવાના કારણોસર રાજય સરકારના કાયમી કર્મચારીઓની જેમ લાભો આપવા બાબતે શ્રી ગજાજી ગોપાલજી જાડેજા તથા અન્ય દ્વારા ગુજરાત હાઇકોર્ટ સમક્ષ એસ.સી.એ-૧૦૮૯૨/2003 અને સંલગન પીટીશનો દાખલ કરવામાં આવેલ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા એસ.સી.એ-૧૦૮૯૨/૨003 તથા સંલગન પીટીશનોમાં તા.૯/૨/૨૦૦૫ના ચુકાદા સામે રાજય સરકાર દ્વારા નામ.હાઇકોર્ટ સમક્ષ એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ તથા તેને સંલગ્ન ગૃપમેટર્સ દાખલ કરવામાં આવેલ હતી. સદહરું એલ.પી.એમાં ગુજરાત હાઇકોર્ટના તા.૬/૪/૨૦૧૧ના ચુકાદા સામે રાજય સરકારે નામ.સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. (સીવીલ) નં-૧૭૧૪૩/૨૦૧૧ દાખલ કરેલ હતી. નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા ગુજરાત હાઇકોર્ટના ચુકાદાના અમલ સામે મનાઇ હુકમ આપવામાં આવેલ ન હતો. પરંતુ એરીયર્સની ચુકવણી સંબધે રાજય સરકાર દ્વારા પીટીશન દાખલ કરેલ હતી. દરમ્યાનમાં ઉકત ક્રમાંક (૧) મુજબના ઠરાવથી એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ તથા તેને સંલગ્ન ગૃપમેટર્સના તા.૬/૪/૨૦૧૧ ના ચુકાદા તારીખથી બોર્ડરવીંગ જવાનોને પગારભથ્થા તથા અન્ય લાભો તા.૩૦/૭/૨૦૦૩ થી તા.૫/૪/૨૦૧૧ સુધીના સમયગાળા માટે નોશનલ ગણી તા.૬/૪/૨૦૧૧ થી તમામ લાભો ચુકવવાનું ઠરાવવામાં આવેલ હતું.

એસ.એલ.પી. (સીવીલ) નં-૧૭૧૪૩/૨૦૧૧ તથા તેને સંલગ્ન ગૃપ પીટીશનો અન્વયે નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા તા.૧૦/૭/૨૦૧૭ ના રોજ હુકમ કરવામાં આવેલ છે. આ હુકમ અનુસાર એસ.એલ.પી. (સીવીલ) નં-૧૭૧૪૩/૨૦૧૧ માં તા. ૨૯.૦૭.૨૦૧૩ના હુકમ મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોની સેવાઓ તા.૩૦.૦૭.૨૦૦૩થી ગણવાની રહેશે જો કે આ સંદર્ભે મળવાપાત્ર લાભો તા.૦૬.૦૪.૨૦૦૯થી આપવાના રહેશે.



C:\Users\acer\Desktop\BW\BWHG 2 years are.docx

Scanned by CamScanner

**ઠરાવ–**

નામ.સર્વોચ્ચ અદાલતનો તા.૧૦/૦૭/૨૦૧૭ નો હુકમ ધ્યાને લેતા બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે વેતન અને અન્ય ભથ્થાઓ ચુકવવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે ગૃહ વિભાગના તા.૧૯.૦૪.૨૦૧૨ના ઠરાવની જોગવાઇઓમાં આંશિક સુધારો કરીને બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોને નામ.સર્વોચ્ચ અદાલતના તા.૧૦.૦૭.૨૦૧૭ના હુકમ અનુસાર તા.૬/૪/૨૦૦૯ થી તા.૫/૪/૨૦૧૧ સુધીના સમયગાળા માટેના વેતન અને ભથ્થાઓ પણ ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે. તા. ૧૯.૦૪.૨૦૧૨ના ઠરાવની અન્ય જોગવાઇઓ/બાબતો યથાવત રહેશે.

આ ઠરાવ નાણા વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની તા.૧૧/૦૮/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નલિન નિસરતા)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ.એન્ડ ઇ) રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ-૧) રાજકોટ/(ઓડીટ-૨) અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પોવિડન્ડ ફંડ, ડૉ,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર/કચ્છ-ભુજ.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણાવિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- બટાલીયન કમાન્ડન્ટશ્રી, બટાલીયન નં-૧ પાલનપુર/બટાલીયન નં-૨,કચ્છ-ભુજ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.





Scanned by CamScanner